# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ
# એન.એસ.એસ. યુનિટ

ધી નડીઆદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આર્ટ્સ કોલેજની સ્થાપના ઇ.સ.1946 માં થઈ હતી. તે વખતે એન.એસ.એસ. ની પ્રવૃતિ ચાલતી હતી. પરંતુ સંજોગોવશાત સ્થગિત થઇ હતી ત્યારબાદ 15 વર્ષના લાંબા અંતરાલ બાદ રાષ્ટ્રીય સેવા યોજના પુન: વર્ષ-2009-10 માં ધબકતી થઈ હતી. પ્રથમ એન.એસ.એસ. ની એક યુનિટની મંજૂરી મળી હતી. જેમાં પ્રોગ્રામ ઓફિસર ડો.બીપીનભાઈ વાઘેલા તથા પ્રા.નિશાબેન વ્યાસથી શરૂ થઈ હતી. ઇ.સ.2011 થી ડો.કલ્પનાબેન ત્રિવેદી ગર્લ્સ યુનિટના પ્રોગ્રામ ઓફિસર તરીકે જોડાયા હતા. જેઓએ એન.એસ.એસ. ની ETI ટ્રેનીંગ વર્ષ-2016 માં સાદરા, ગાંધીનગર મુકામે લીધી હતી અને આજદિન સુધી કાર્યરત છે. વર્ષ-2017 થી બોયસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર તરીકે ડો.પ્રકાશભાઈ વીછીયા આજદિન સુધી કાર્યરત છે. તેઓએ પણ વર્ષ-2020 માં એન.એસ.એસ. ની ETI ટ્રેનીંગ વર્ષ-2016 માં સાદરા, ગાંધીનગર મુકામે લીધી હતી. એન.એસ.એસ. રેગ્યલર એક્ટિવીટી અને વાર્ષિક શિબિરમાં થયેલ પ્રવૃતીઓની વિગત નીચે મુજબ છે.

- નિદાન કેમ્પ (નેત્ર ચિકીત્સા, દંત ચિકીત્સા, બ્લડ ચેકઅપ, હેલ્થ ચેકઅપ-ડાયાબિટીસ,વજન, પલ્સ, થેલેસેમિયા ચેકઅપ, બ્લડ ડોનેશન, કોરોના રસીકરણ, બાળા આરોગ્ય તપાસ, શિબિરમાં વિદ્યાર્થીઓનો કોરોના ટેસ્ટ)
- 21 જૂન યોગદિવસ તથા વાર્ષિક શિબિરમાં યોગશિબિર
- મતદાન દિવસની ઉજવણી તથા ચૂંટણી કાર્ડ નોંધણી પ્રોગ્રામ (કોલેજ કેમ્પસ તથા દત્તકગામ પીપળાતામાં)
- E-FIR માહિતી (ટાઉન પોલીસ, નડીઆદ)
- વુક્ષારોપણ (કોલેજ કેમ્પસ તથા દત્તકગામ પીપળાતામાં)
- સ્વચ્છતા કાર્યક્રમ (કોલેજ કેમ્પસ, રેલ્વે સ્ટેશન, મહિ કેનાલ કિનારો, વાર્ષિક શિબિર, દત્તકગામ પીપળતામાં)
- રન ફોર યુનિટી
- સાયકલરેલી
- રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી
- અંધજન મંડળ માટે ફાળો
- યુવા ઉત્સવ (નહેરુ યુવા કેન્દ્ર સાથે સંકળાયને)
- એઈડ્સ અવરનેસ
- કેન્સર અવરનેસ
- શિયાળામાં સ્વેટર વિતરણ
- યૂથ પાર્લામેંટ
- વકતૃત્વ, ગીત, ચિત્ર સ્પર્ધા
- મતદાન જાગૃતિના સંદર્ભમાં વિડિઓ બનાવી સોશ્યલ મીડિયા પર અપલોડ કરવા.
- અન્ય સંસ્થાઓની મુલાકત (સરદાર સ્મારક કરમસદ, હિન્દુ અનાથ આશ્રમ, સંધ્યાપેલેસ (વૃધ્ધાશ્રમ, અગ્રીકલ્ચર કોલેજ, અવસોની મુલાકાત)

2. FACULTY DETAILS

(I) Program Officer Name:- DR.PRAKASHBHAI HARSURBHAI VICHHIYA

1. તા.20/03/2018 ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ભીખાભાઈ જીવનભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય દ્વારા આયોજિત NSS UINT અંતર્ગત એકદિવસીય રાષ્ટ્રીય સેમિનારમાં હાજરી આપી.
2. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય દ્વારા આયોજિત NSS UINT અંતર્ગત એકદિવસીય રાષ્ટ્રીય સેમિનારમાં 'સ્વસ્થ યુવાન – સ્વસ્થ ભારત' વિષય પર પપેરરજુ કર્યું.
3. તા.15/10/2019 થી 21/10/2019 ના દરમ્યાન NSS અંતર્ગત સાદરા, ગાંધીનગર મુકામે સાત દિવસીય ETI TRANANIG લીધી.
4. તા.21/06/2021 સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા આયોજિત 'વિશ્વ યોગ દિવસ' ના સંદર્ભમાં 'પ્રાણાયામ થકી પ્રાણવાયુંનું સંવર્ધન'વક્તા- કાલિન્દ બક્ષી (USA) વિષય પર આધારિત આંતરાષ્ટ્રીય વેબીનારમાં હાજરી આપી.
5. તા:-18/09/2021 ના રોજ ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણી 'આઝાદી કા અમૃત મહોત્સવ' રૂપે વિવિધ પ્રવૃત્તિઓના આયોજન દ્વારા થઈ રહી છે. એમાં 'ફિટ ઈંડિયા ફ્રિડમ રન' કાર્યક્રમમાં એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ.પ્રકાશભાઈ વિછીયાની ખેડા જિલ્લા કક્ષાએ નોડેલ ઓફિસર તરીકે નિયુક્તિ એન.એસ.એસ. ઓફિસ ગુજરાત રાજ્ય દ્વારા નિમણૂંક કરવામાં આવી હતી. તે અંતર્ગત ખેડા જિલ્લાની વિવિધ કોલેજ દ્વારા 'ફિટ ઈંડિયા ફ્રીડમ રન' નું આયોજન કરવામાં આવ્યું હતું.
6. તા.09/07/2022 ના રોજ એન. એસ. એસ. અભિમુખતા કાર્યક્રમ અંતર્ગત શ્રી પી.એમ.પટેલ હાઈસ્કૂલ, શાહપુર, તા. પેટલાદ ખાતે મુખ્ય વક્તા તરીકે વક્તવ્ય આપ્યું હતું.
7. તા.28/07/2022 ના રોજ એન. એસ. એસ. અભિમુખતા કાર્યક્રમ અંતર્ગત સેન્ટ મેરીસ હાયર સેકન્ડરી હાઈસ્કૂલ, નડીઆદ, ખાતે મુખ્ય વક્તા તરીકે વક્તવ્ય આપ્યું હતું.
8. તા.16/02/2023 ના રોજ એસ.બી.પટેલ આર્ટ્સ અને આર.એન.અમીન કોમર્સ કોલેજ દ્વારા આયોજિત એન.એસ.એસ. વાર્ષિક શિબિરમાં ' સેવા અને મનોવિજ્ઞાન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
9. તા.19/02/2023 ના રોજ સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજ દ્વારા આયોજિત એન.એસ.એસ. વાર્ષિક શિબિરમાં 'એન.એસ.એસ. અને સેવા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
10. તા.20/02/2023 ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ દ્વારા 'Basic First and CRP Workshop' માં હાજર રહી 'Basic First and CRP' વિશેની માહિતી મેળવી.

(II) Program Officer Name:- DR.KALPANABEN V. TRIVEDI

1. તા.15/10/2019 થી 21/10/2019 ના દરમ્યાન NSS અંતર્ગત સાદરા, ગાંધીનગર મુકામે સાત દિવસીય ETI TRANANIG લીધી.
2.

## ❖ Highest Achievement of NSS Unit

➢ શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા મેઘાણી કાવ્યપઠનનું ઓનલાઈન તથા ઓફ્લાઈન ધોરણે તા.02/09/2021 ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. તે સંદર્ભમાં અત્રેની કોલેજના એન.એસ.એસ. યુનિટની ચાર સ્વયંસેવિકા બહેનોએ

ઓફલાઇન ધોરણે ભાગ લીધો હતો.જેમાં કુ.ઉર્વશીબેન રોહિતે યુનિવર્સિટી કક્ષાએ તૃતીય નંબર મેળવી કોલેજને ગૌરવ અપાવ્યું હતું.

- Ministry of Youth Affairs & Sports તથા Regional Director of NSS, અમદાવાદ દ્વારા National Youth Parliament Festival – 2022નું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત ખેડા જીલ્લામાં યૂથ પાર્લામેન્ટના આયોજનના સંદર્ભમાંસી. બી. પટેલ આર્ટસ કોલેજના એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. પ્રકાશભાઇ વિછીયાની'નોડલ ઓફિસર' તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. તા.20/02/2022 ના રોજ વડોદરા, ખેડા, છોટા ઉદેપુર તથા નર્મદા એમ ચાર જિલ્લાની સ્પર્ધા હતી. જેમાં વિદ્યાર્થીઓએ 'Incredible India, Skill India, Digital India, બેટી બચાવો, બેટી પઢાવો તથા સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત વગેરે વિશે પર પોતાના વિચારો રજુ કર્યા હતા. Google Meet માં ઓનલાઈન યોજાયેલ આ સ્પર્ધામાં અત્રેની કોલેજના કું. ઉર્વશી રોહિતે પ્રથમ નંબર તથા કું.શાહીનાબાનું મલેકે તૃતીય નંબર મેળવી કોલેજને ગૌરવ અપાવ્યું હતું.
- તા.28/01/2023 ના રોજ નેહરુ યુવા કેન્દ્ર (Department of Ministry Youth Affairs & Sports) દ્વારા National Youth Parliament Festival – 2023 નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં  વડોદરા, ખેડા, છોટા ઉદેપુર તથા નર્મદા એમ ચાર જિલ્લાના વિદ્યાર્થીઓ જોડાયા હતા. Google Meet એપ્લિકેશન પર ઓનલાઈન યોજાયેલ આ ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓએ 'Health Wellbeing & Sports – Agenda for Youth', 'Skill Development – One of the Keys to empower youth ', 'Social Media – Youth Perspective' વગેરે વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ખેડા જિલ્લા કક્ષાએ સી.બી.પટેલ આર્ટસ કોલેજના વિદ્યાર્થી મહંમદહાશમી મલેકે પ્રથમ નંબર તથા કું.આયશા વ્હોરાએ દ્વિતીય નંબર મેળવી કોલેજને ગૌરવ અપાવ્યું છે.